પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૦ | ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૯, મંગળવાર; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વિક્રમ લેન્ડર ચંદ્ર પર સલામત

**ભારતની આશાઓ જીવંત : જો વિક્રમ લેન્ડર ઉભું થઈ ગયું તો રોવર પણ બહાર નીકળી શકશે, વિક્રમ સાથે સંપર્ક સાધવાના તમામ પ્રયાસો સતત ચાલુ : વિક્રમ લેન્ડરના એન્ટીના કઇ દિશામાં છે તે બાબત પણ ખુબ મહત્વની રહેશે ઓર્બીટર આગામી બે દિવસમાં એજ સ્થળથી જશે જ્યાં સંપર્ક તુટ્યો હતો : ઈસરો : વિક્રમ લેન્ડર તેના નિશ્ચિત સ્થાનથી લગભગ ૫૦૦ મીટર દૂર ચંદ્રની જમીન પર પડ્યું : જો ૧૧ દિવસમાં સંપર્ક થઈ જાય તો વિક્રમ લેન્ડર ફરી બેઠું થઈ શકે છે**




નવીદિલ્હી, તા. ૯

ચંદ્રયાન-૨ને લઈને કેટલાક મોટા સમાચાર આવી રહ્યા છે પરંતુ હજુ પણ આશા ઓછી દેખાઈ રહી છે. આ મિશન સાથે જોડાયેલા ઈસરોના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, વિક્રમ લેન્ડર પૂર્વ નિર્ધારિત જગ્યાની નજીક જ પડ્યું છે. મોટી વાત એ છે કે, તેમાં કોઈપણ તુટફુટ થઈ નથી અને સમગ્ર ભાગ ચંદ્રની સપાટી ઉપર થોડાક પ્રમાણમાં આડુ થયેલું છે. આજે કહેવામાં આવ્યું હતું કે, વિક્રમે અપેક્ષાની વિરુદ્ધમાં હાર્ડ લેન્ડિંગ કરી હતી અને ઓર્બીટરના કેમેરાએ જે ફોટાઓ મોકલ્યા છે તેનાથી જાણવા મળે છે કે, તે નિર્ધારિત સ્થળની બિલકુલ નજીક પડ્યું છે. વિક્રમ તુટ્યું નથી અને તેનો સમગ્ર હિસ્સો સુરક્ષિત છે. ચંદ્રયાન-૨ સંદર્ભમાં ચંદ્ર પરથી આ સારા સમાચાર આવ્યા છે. આશા હજુ પણ દેખાઈ રહી છે. ઈસરોના પૂર્વ વડા માધવન નાયરે આ માહિતી આપતા કહ્યું હતું કે, વિક્રમથી ફરીવાર સંપર્ક સાધવાની શક્યતા હજુ પણ ૬૦થી ૭૦ ટકા રહેલી છે. તેમણે કહ્યું હતું કે, વૈજ્ઞાનિકો અને ડીઆરડીઓના પૂર્વ સંયુક્ત નિર્દેશક વીએન ઝાએ કહ્યું હતું કે, કોઈપણ દિવસે ઈસરોનો સંપર્ક ઈસરો સાથે થઈ શકે છે. જો કે, ઈસરોના અન્ય એક અધિકારીએ કહ્યું છે કે, વિક્રમના જો કોઈ એક પણ પાર્ટને નુકસાન થયું હશે તો સંપર્ક કરવાની બાબત શક્ય બનશે નહીં. જો કે, તેઓએ સ્થિતિને હજુ સારી ગણાવી છે અને કહ્યું છે કે, જ્યાં સુધી વિક્રમના એક એક સ્પેરપાર્ટ્સ યોગ્ય રહેશે નહીં ત્યાં

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં વાહનના વેચાણમાં ૨૧ વર્ષનો સૌથી મોટો ઘટાડો

**ભારતીય ઓટોમોબાઇલ નિર્માતા સોસાયટીએ રજૂ કરેલા આંકડાઓ મુજબ**



ન્યુ દિલ્હી,તા.૯

દેશમાં સતત દસમા મહિને ઓગસ્ટમાં યાત્રા વાહનોના વેચાણમાં ઘટાડો થયો છે. વાહન નિર્માતાઓના સંગઠન સિયામના આંકડાઓ અનુસાર ઓગસ્ટમાં પેસેન્જર વાહનોનું વેચાણ એક વર્ષ પહેલા આ મહિનાની સરખામણીમાં ૩૧.૫૭ ટકા ઘટીને ૧,૯૬,૫૨૪ વાહન રહી ગયા છે. એક વર્ષ પહેલા ઓગસ્ટમાં ૨,૮૭,૧૯૮ પેસેન્જર વાહનોનું વેચાણ થયું હતુ. વર્ષ ૧૯૯૭-૯૮ પછી પ્રથમ વખત આટલો મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે.

ભારતીય ઓટોમોબાઈલ વિનિર્માતા સોસાયટી (સિયામ)એ સોમવારે રજૂ કરેલ આંકડાઓ અનુસાર ઓગસ્ટ ૨૦૧૯માં ઘરેલૂ બજારમાં કારોના વેચાણમાં ૪૧.૦૯ ટકાના ઘટાડા સાથે ૧,૧૫,૯૫૭ કાર રહી ગઈ જ્યારે એક વર્ષ પહેલા ઓગસ્ટમાં ૧,૯૬,૮૪૭ કારો વેચાઈ હતી. આ દરમિયાન ટૂ-વ્હીલસ વાહનોના વેચાણ ૨૨.૨૪ ટકા ઘટીને ૧૫,૧૪,૧૯૬ એકમ રહી ગયું છે, જ્યારે વધુ એક વર્ષ પહેલા આ મહિના દરમિયાન દેશમાં ૧૯,૪૭,૩૦૪ ટૂ-વ્હીલ્સ વાહનોનું વેચાણ થયું હતું.

# પાકિસ્તાને મસૂદ અઝહરને મુક્ત કર્યો

**મસૂદ અઝહરની મુક્તિ બાદ ભારતીય સેના અને સુરક્ષા દળોને એલર્ટ કરાયા**

ન્યુ દિલ્હી, તા.૯

જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાન બરાબરનું ભેરવાયું છે. દુનિયાભરના દેશોએ પાકિસ્તાનને તેની જગ્યા બતાવી દીધા બાદ પણ તે શાંત બેસવા તૈયાર નથી. હવે જ્યારે બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધતો જઈ રહ્યો છે ત્યારે જ પાકિસ્તાને ભારત વિરોધી વધુ એક પગલુ ભર્યું છે. ઈમરાન ખાન સરકારે આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહરને જેલથી મુક્ત કરી દીધો છે.

મસૂદ અઝહર ભારતમાં સંસદ, મુંબઈ, પુલવામા, ઉરી સહિત અનેક હુમલાનો માસ્ટરમાઈન્ડ છે. મસૂદ અઝહરની મુક્તિ બાદ ભારતીય સેના અને સુરક્ષા દળોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

આ વર્ષે ૧૪ ફેબ્રુઆરીએ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકી હુમલા બાદ પાકિસ્તાને મસૂદ અઝહરની ધરપકડ કરી લીધી હતી. જોકે, ત્યારે પણ ભારતે કહ્યું હતું કે મસૂદ અઝહરની ધરપકડ માત્ર દેખાડો છે. હવે તેની ગુપચુપ મુક્તિથી સ્પષ્ટ થઈ ગયું છે કે પાકિસ્તાને

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**કેરળમાં હાઈ એલર્ટ**

આર્મી સાઉદાર્ન કમાન્ડના લેફ્ટનન્ટ જનરલ એસ.કે. સૈનીએ કહ્યુ છે કે તેમને દક્ષિણ ભારતમાં આતંકી હુમલાના ઈનપુટ મળ્યા છે. કેરળમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

**જમ્મુ-કાશ્મીર, હિમાચલમાં ભૂકંપ**

જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભૂકંપના જોરદાર આંચકા આવ્યા હતા. જમ્મુ-કાશ્મીરના ડોડા અને કિશ્તવાડા જિલ્લાઓમાં ૪.૯ની તીવ્રતા નોંધાઈ હતી. આંચકાઓ એટલા જોરદાર હતા કે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જોકે નુકશાની અંગેના કોઈ સમાચારો નથી.

**મોદીની બાયોપિક ભોજપુરીમાં**

નરેન્દ્ર મોદીની હિન્દી બાયોપીકમાં વિવેક એબેરોયે મુખ્ય ભુમિકા ભજવી હતી. ટૂંક સમયમાં ભોજપુરી ભાષામાં મોદીની બાયોપીક બનશે. જેમાં ભોજપુરી અભિનેતા રવિકિશન મુખ્ય ભૂમિકા ભજવશે.

**મોદીના ૫ કરોડ ટ્વિટર ફોલોઅર્સ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટ્વિટર ફોલોઅર્સની સંખ્યા ૫ કરોડને આંબી ગઈ છે. સૌથી વધુ ફોલોઅર્સના લીસ્ટમાં તેઓ ૨૦મા ક્રમે છે. ટોપ-૨૦માં તેઓ એકમાત્ર ભારતીય છે. પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ બરાક ઓબામા આ લીસ્ટમાં પ્રથમ છે.

## મધ્યપ્રદેશમાં ભારે વરસાદને પગલે હાહાકાર : હાઈએલર્ટ

**બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી મધ્યપ્રદેશના ૧૧ જિલ્લાઓમાં ભારે વરસાદ અને પુરનો ખતરો વધારે : ૨૨ જિલ્લામાં એલર્ટ જાહેર : સ્કુલો બંધ**



ભોપાલ,તા.૯

મધ્યપ્રદેશના અનેક વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી થઈ રહેલા ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાહાકારની સ્થિતિ મચી ગઈ છે. અનેક વિસ્તારોમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ઘર પાણીમાં ડુબી રહ્યા છે. લોકોને બચાવવાના કામ ઝડપી બનાવવામાં આવી રહ્યા છે. ૧૧ જિલ્લાઓમાં ભારે વરસાદ અને પુરની અસર વધારે જોવા મળી રહી છે. ૩૨ જિલ્લાઓમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. વરસાદની સ્થિતિને ધ્યાનમાં લઈને ભોપાલ, મંડલા, શિવની જિલ્લાના સ્કુલોમાં રજા જાહેર કરવામાં આવી છે. જબલપુર, હોસંગાબાદ, હરદા સહિત અન્ય વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. સતત ભારે વરસાદના લીધે ભોપાલમાં

● અનુસંધાન પાન-૭ પર

## કમલનાથ સામે શીખ વિરોધી રમખાણ કેસ ફરીથી ખોલાશે

નવીદિલ્હી, તા. ૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથ સામે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણ કેસોને ફરી ખોલવા માટેની દરખાસ્તને લીલીઝંડી આપી દેવામાં આવી છે. દિલ્હીના શિરોમણી અકાળી દળના ધારાસભ્ય મન્જિન્દરસિંહ સિરસાએ આજે આ અંગેની માહિતી આપી હતી. અકાળી દળની આ મોટી જીત તરીકે છે. સિરસાએ કહ્યું હતું કે, શીખ દ્વારા ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણમાં કમલનાથની સંડોવણી માટે તેમની સામે સીટ દ્વારા કેસ

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં મોહર્રમને પગલે અભૂતપૂર્વ સલામતી વ્યવસ્થા

**મોહર્રમને ધ્યાનમાં લઇને કઠોર ધારાધોરણો અમલી : મોહર્રમના જુલુસને રોકવા માટે વિવિધ પગલા : કટ્ટરપંથીઓ અને તોફાની તત્વો ઉપર નજર : બેરીકેટ પાર કરી જવાની કોઇને પણ બહાલી મળશે નહીં**

શ્રીનગર,તા. ૯

જમ્મુ કાશ્મીરમાં મોહર્રમ પર્વને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. હિંસાની દહેશતને ધ્યાનમાં લઈને તમામ જગ્યા ઉપર જવાનો મોરચા સંભાળી ચુક્યા છે. કલમ ૧૪૪ સહિત અનેક કઠોર ધારાધોરણો અમલી કરવામાં આવી ચુક્યા છે. પાંચમી ઓગસ્ટના દિવસે કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ સ્થિતિ હળવી કરવા માટેના અભૂતપૂર્વ પ્રયાસો થયા છે જેના કારણે જનજીવન પણ ધીમે ધીમે રાબેતા મુજબ બની રહ્યું છે પરંતુ મોહર્રમ પર્વને ધ્યાનમાં લઈને તમામ જગ્યાઓએ બેરીકેટ મુકી દેવામાં આવ્યા છે. નિયંત્રણો કઠોર કરવામાં આવ્યા છે. વાણિજ્ય કેન્દ્રો અને આસપાસના વિસ્તારોના તમામ પ્રવેશ સ્થળો પર તારબંધી કરી દેવામાં આવી છે. શંકાસ્પદ શખ્સો ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરમાં મોહર્રમ પ્રસંગને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર







**સ્ટેચ્યૂ ઓફ યુનિટી**
ગુજરાતી રસોઈયા દ્વારા તૈયાર કરેલ સ્વાદિષ્ટ ભોજન ● એન્ટ્રી ફી ● A.C. બસ
Rs.1600/- *GST Extra
સવારે ૮ થી રાત્રે ૧૨
દરરોજ (સોમવાર સિવાય)
**નવભારત હોલિડેઝ**
ગણેશ પ્લાઝા, નવરંગપુરા, અમદાવાદ
Ph: 61 999 000, 98258 02666, 98258 04079
શ્રી શૈલમ-મલ્લિકાઅર્જુન જ્યોતિર્લીંગ ખાતે (હૈદ્રાબાદ સાઈટસીંગ સાથે)
શિવ કથા 28, જાન્યુઆરી 2020
વક્તાશ્રી: પૂજ્ય શ્રી ગિરિબાપુ

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225